ચાંગનો
કાગળનો ટટ્ટુ

એલેનોર

ચાંગનો કાગળનો ટટ્ટુ

ચાંગની ઇચ્છા

ચાંગ એના દાદાજી લી સાથે
ગોલ્ડ ડીચ હોટલના રસોડામાં
બટાકા છોલી રહ્યો હતો.
અચાનક ચાંગ અટકી ગયો. "મને
ઘોડાનો અવાજ આવી રહ્યો છે!"
એણે ચીસ પાડી.
એ દોડીને દરવાજા સુધી ગયો.

"જો મારી પાસે એક ટટ્ટુ હોત,"
એણે દાદા લી ને કહ્યું, "તો મને ક્યારેય
એકલવાયું ન લાગત."
"આવતે વર્ષે," દાદા લી એ કહ્યું,
"ખાણીયા મજૂર એના
પરિવારને લઈને અહીં આવશે,
પછી તને એકલવાયું નહીં લાગે."
પણ ચાંગને ભરોસો ન હતો.
એને એ દિવસ યાદ હતો જયારે દાદા લી
અને એ સાન ફ્રાન્સિસ્કો આવ્યા હતા.
એને યાદ હતું કે એ દિવસે થોડા
છોકરાઓએ એના પર પથ્થર ફેંક્યા હતા.

"અમેરિકી બાળકો આપણને ધૃણા કરે છે,"
ચાંગે કહ્યું.
દાદા લી એ માથું ધુણાવ્યું અને કહ્યું,
"એ આપણને નફરત નથી કરતા,"
એમણે કહ્યું,
"એ લોકો આપણને સમજતા જ નથી."

"જો મારી પાસે એક ટટ્ટુ હોત,
તો મારી પાસે એક મિત્ર અવશ્ય
હોત," ચાંગે કહ્યું.

દાદા લી એ સ્મિત કર્યું.

"જો હમણાં તારી પાસે થોડા મિત્રો છે
જ," એમણે કહ્યું.

"તારા ટીચર છે, અને વાળંદ, અને
લુહાર છે. હા, મોટા પીટ ને ભૂલતો
નહીં."

"પણ એ બધા ઉમરમાં મારાથી ઘણા
મોટા છે," ચાંગે કહ્યું.

"જો નાનો ટટ્ટુ હોત તો એની સાથે
રમવામાં મને મજા આવત."

દાદા લી એ ચૂલાની ઉપર
લગાવેલા રંગચિત્ર તરફ ઈશારો કર્યો.
"આપણને ફક્ત આ ટટ્ટુ જ પરવડી શકે છે,"
એણે કહ્યું.
"હવે જલ્દી બટેકા છોલ.
થોડી વારમાં ભૂખ્યા ખાણીયા મજૂર
મારું સ્વાદિષ્ટ ભોજન ખાવા અહીં આવશે."

ચાંગે દાદાજી એ કહ્યું હતું એ પ્રમાણે
કર્યું.
એણે ખાવાનું ટેબલ પણ સજાવ્યું.
એ કૂવામાંથી પાણી કાઢીને લઈ
આવ્યો.
એ ચૂલા માટે લાકડા પણ લાવ્યો.

પણ એના મગજમાં
ફક્ત એક વાત જ ઘુમરાયા કરતી હતી,
કે એની પાસે એક નાનું ટટ્ટુ હોય.

મુશ્કેલી

થોડા મજૂર અસભ્ય હતા.
એ ચાંગની ચોટલી ખેંચતા હતા.
ચાંગ એની ચોટલીને એનાથી
દૂર રાખવાની કોશિશ કરતો હતો.



એ લોકો સાથે હંમેશા
વિવેકી વર્તન કરતો હતો.
જયારે કોઈ ખાણીઓ મજૂર
એને નામ પૂછતો,
તો ચાંગ બહુ અદબથી ઝૂકીને કહેતો,
"મારું નામ ચાંગ છે."

એક ખાણીયા મજૂરે
એના ગોઠણ પર જોરથી હાથ માર્યો.
"શું આ સાંભળીને તમારી આંખો
ફૂટી ગઈ?" એ મોટેથી બોલ્યો.
ત્યાં હતા એ બધા લોકો હસ્યા.

ચાંગ દોડીને રસોડામાં ગયો.
"હું ચીન પાછો જવા ચાહું છું,"
એણે કહ્યું.
દાદા લી એ ચાંગને એના ગળે
વળગાડયો.

"ચાંગ, તને ખબર છે કે આપણે
પાછા જઈ નહીં શકીયે,"
દાદા લી એ કહ્યું.
"ચીનમાં અત્યારે યુદ્ધ ચાલી રહ્યું
છે."
"પણ એ ખાણીયા મજૂર આટલા
અસભ્ય કેમ છે?“ ચાંગે પૂછ્યું.
દાદા લી એ એક ઊંડો નિશ્વાસ
નાખ્યો.
"એ એના હૃદયને એના
ઘરે જ છોડીને આવ્યા છે,"
એમણે કહ્યું.
"હવે એ ફક્ત ચમકતા સોના
વિષે જ વિચારે છે.
અહીં બધાને સોનાનો તાવ ચઢ્યો
છે.
એનાથી લોકો ગાંડા થઈ ગયા છે."

પછી એ ધૂળવાળી મુખ્ય સડક
પર થઈને ભણવા ગયો.
રસ્તામાં ચાંગ થોડી વાર
શહેરના ઘોડારમાં ઘોડાને
જોવા માટે રોકાયો.
"જયારે મારી પાસે મારું એક ટટ્ટુ
હશે, તો હું પણ એને અહીં રાખીશ."

ભોજન થઈ ગયા પછી
ચાંગે એક મોટા ટબમાં
સ્નાન કર્યું.
પછી એણે એની પીઠ પર
લટકતી ગૂંથેલા વાળની લટ
સજ્જડ બાંધી અને ધોયેલા
કપડાં પહેર્યા.

ટીચર સી-યૌ, ચાંગને અંગ્રેજી
લખતા-વાંચતા શીખવાડતા
હતા.
ચાંગને એના પ્રત્યે અણગમો
હતો.
એને અંગ્રેજીનાં અક્ષરો
કીડી-મકોડા જેવા
કાગળ ઉપર સળવળાટ કરતા
હોય એવા દેખાતા હતા.



બાળક
માણસ
પહાડ
ઘોડા

ચાંગને ચીની શબ્દો અણિયાળા બ્રશ અને
કાળી શાહીથી રંગવા ગમતા હતા.
ચીની ભાષામાં દરેક શબ્દ
જોવામાં એક ચિત્ર લાગતા હતા.
tsu - બાળક, jen - માણસ, shan - પહાડ.
જ્યારે એ ma - ઘોડા પર આવ્યો,
ત્યારે ચાંગ દિવાસ્વપ્ન જોવા લાગ્યો.

તરત ટીચર સી-ચૌ એ
ચાંગની પીઠ પર છડી મારી.
"જો તેં આવી રીતે
રમવાનું છોડયું નહીં,
તો તું ખાલી વાંસ થઈને રહીશ
- તું કોઈ લાયક નહીં થાય."
ચાંગ થૂંક ગળી ગયો.
એને ખાલી વાંસ બનીને
રહેવામાં કોઈ વાંધો ન હતો.
એને ફક્ત એક નાનું ટટ્ટુ જોઈતું
હતું.

એ રાતે ચાંગે એના
તકિયાને આલિંગન આપ્યું
જાણે એ એક ટટ્ટુ હોય.
એને લાગ્યું જાણે એ એના ટટ્ટુનું
મુલાયમ નાક રગડી રહ્યો છે
અને એનો શ્વાસ સાંભળી રહ્યો છે.

બિગ પીટ

જયારે બિગ પીટ ગોલ્ડ ડીચ હોટલમાં
આવ્યો, તો ચાંગને થોડું સારું લાગ્યું.
ચાંગે બિગ પીટ જેટલો ઊંચો
અને બળવાન માણસ પહેલા
ક્યારેય જોયો ન હતો.
બિગ પીટે નાના ચાંગની
ન ક્યારેય ચોટલી ખેંચી
અને ન એને ક્યારેય ચિઢવ્યો.

ગોલ્ડ ડીચ હોટલમાં
ઘણી ભીડ થઈ ગઈ હતી.

ત્યાં રોજ વધારે ને વધારે
ખાણીયા મજૂરો આવવા
લાગ્યા.

એ પહાડોમાં સોના માટે
ખોદકામ કરતા અને પછી
નદીઓમાં એને સાફ કરતા.

એ બિગ પીટના ત્રાજવા પર
સોનાના ગઠ્ઠાનું વજન કરતા
હતા.
ઘણી વાર સોનાની પાતળી
કરચ જમીન પર પડી જતી
હતી.
પણ ખાણીયા મજૂરોની રુચિ
સોનાના મોટા ટૂકડામાં જ હતી.

એક દિવસ બિગ પીટે ચાંગને
સોનાના થોડા મોટા ટૂકડા
આપ્યા.

ત્યાં ચાંગના મગજમાં એક વિચાર આવ્યો.
"બિગ પીટ, શું તમે મને સોનું
શોધતા શીખવાડશો?" એણે પૂછ્યું.
"મારે એક ટટ્ટુ ખરીદવા માટે સોનું જોઈએ
છે."
બિગ પીટે ચાંગ તરફ જોયું.
"જો, ટટ્ટુ બહુ મોંઘુ હોય છે," એણે કહ્યું.
"તમારી ઘણી મહેરબાની થશે," ચાંગે કહ્યું.
"હું તમારી કેબીન સાફ કરીશ,
અને ભોંય પર પોતું કરી દઈશ."
એ સાંભળીને પીટ હસ્યો.
"જો, તારા દાદાજી સંમતિ આપે,
તો કાલે તને સાથે લઈ જઈશ."

ચાંગ દોડીને
ગોલ્ડ ડીચ હોટલ ગયો.
"દાદાજી, કૃપા કરીને મને જવા
દો,“ એણે દાદાજીને વિનંતી કરી.
"ભલે," દાદાજીએ કહ્યું.
"ફક્ત એક વાર," એણે કહ્યું.
"કદાચ તારું નસીબ
ખુલી જાય."

પછી બિગ પીટે ચાંગને
એના ઘોડા પર બેસાડયો.
"હાઈ-આહ!" એણે બૂમ
પાડી, અને એ આગળ
વધ્યા.

સોનાની શોધ

બીજે દિવસે સવારે
દાદા લી એ ચાંગ અને બિગ
પીટ નું ભોજન પેક કર્યું.
ચાંગે સોનુ રાખવા માટે
એક થેલો લીધો.

આગળ જઈને એ એક
ઊંડા ખાડા પાસે પહોંચ્યા.
બિગ પીટે ચાંગને એક પાવડો અને
બાલદી આપ્યા.
ત્યાંની જમીન પથ્થર જેવી કઠણ
હતી.

બિગ પીટે કોદાળીથી
ઉપરની સખત ચટ્ટાનને તોડી.
પછી ચાંગે નીચેની માટી
એના પાવડાથી ભરી.

બિગ પીટે ચાંગને
માટીમાંથી સોનું સાફ
કરતા શીખવાડયું.
એણે થોડી માટી એક ચાળણીમાં
નાખી.
પછી એણે ચાળણીને પાણીમાં
ગોળ-ગોળ ફેરવી.
જયારે માટી ધોવાઈને નીકળી
ગઈ ત્યારે થોડી રેતી અને કાંકરા
જ બચ્યા.
પણ એમાં સોનાના
કોઈ કણ ન હતા.

ચાંગે બહુ મહેનતથી કામ કર્યું.
સૂરજ બહુ તેજીથી ચમકવા
લાગ્યો.
એના ચહેરા પરથી પરસેવો
નિતરવા લાગ્યો,
અને એના હાથમાં ફોલ્લા પડવા
લાગ્યા.
"થોડું ધીમે કામ કર, મારા
મિત્ર,“ બિગ પીટે કહ્યું.
પણ ચાંગ એ જ ગતિથી
કામ કરતો રહ્યો.
એને નાનું ટટ્ટુ ખરીદવું હતું!

અચાનક, ચાંગે જોરથી ચીસ પાડી!
"મળી ગયું! સોનું મળી ગયું!"

સોનાની થોડી કરચ, ચાળણીની રેતી અને કાંકરામાં ચમકી રહી હતી.
ચાંગે સાવધાનીથી એને
એના થેલામાં રાખી.

ચાંગ અને બિગ પીટ ઘોડા
પર સવાર થઈને જલ્દીથી
ગોલ્ડ ડીચ હોટલ પાછા ફર્યા.
"હવે હું મારું
ટટ્ટુ ખરીદી શકું છું!"
ચાંગે બૂમ પાડી.

ચાંગે એના ખજાનાને
રસોડાના ટેબલ પર
ફેલાવ્યો.
બિગ પીટે ફૂંક મારીને
એની બધી રેતી ઉડાવી
દીધી.

જે બચ્યું હતું એને ચાંગે તાકીને જોયું.
"આટલા સોનાથી તો એક નાની બકરી
પણ નહીં આવે," એણે નિરાશ થઈને
કહ્યું.
"હવે હું ટટ્ટુ ક્યારેય ખરીદી શકીશ નહીં."

સાચું ટટ્ટુ

સવારે ચાંગે
એનું વચન પૂરું કર્યું.
એણે ઝાડુ લઈને બિગ પીટની
કેબીન સારી રીતે સાફ કરી.

અચાનક એને લાકડાની ભોંયના
પાટિયા વચ્ચેની તિરાડમાં થોડી
ચમકતી વસ્તુઓ દેખાણી.

ચાંગે ઝૂકીને નીચે જોયું.
"સોનું!" એ ગણગણ્યો.

સોનાના એ ટૂકડા
પિનના માથા જેટલા મોટા હતા,
પણ એ ઘણા બધા હતા.
કદાચ એ એનાથી એનું ટટ્ટુ ખરીદી શકે.
એણે સોનાના એ નાના ટૂકડા
એની બાલદીમાં ભર્યા.
પછી એ દોડીને દાદાજી પાસે આવ્યો.
"હવે હું ચોક્કસ ટટ્ટુ ખરીદી શકીશ!"
ચાંગે ચીસ પાડી.

દાદા લી એ ચાંગને
કઠોર દ્રષ્ટિથી જોયો.
"તારે એ સોનું બિગ પીટને પાછું
આપવું પડશે," એણે કહ્યું.
"કારણકે એ સોનું તને
એની કેબીનમાંથી મળ્યું હતું."
"હા, મારે એવું જ કરવું જોઈએ,"
ચાંગે કહ્યું.
ટટ્ટુ ખરીદવાનું ચાંગનું સપનું
ઝાંખું થવા લાગ્યું હતું.

"મને તો એ વાતની
જરાય ખબર ન હતી,
કે મારા ભોંયની તિરાડમાં
આટલું સોનું દબાયેલું
હશે."

બિગ પીટ એ સોનું લઈને
સેક્રામેન્ટોની બેંકમાં ગયો.

એક દિવસ બપોરના સમયે
ચાંગને ઘોડાના પગલાંનો
અવાજ સંભળાયો.
"એ બિગ પીટનો ઘોડો હશે,"
દાદા લી એ કહ્યું.
"મને ખબર છે," ચાંગે કહ્યું.
પછી એ ધીમે-ધીમે દરવાજા સુધી
ગયો.

ચાંગે ટટ્ટુનું ચિત્ર નીચે ઉતાર્યું,
અને એના સપનાને ભૂલી જવાની
કોશિશ કરી.

બિગ પીટ એના ઘોડા પર આવી
રહ્યો હતો.
એની સાથે એક સુંદર ટટ્ટુ પણ હતું.

"આ ટટ્ટુ તારે માટે છે," બિગ પીટે કહ્યું.
"આ મેં તારા ભાગના સોનામાંથી ખરીદ્યુ છે."

ચાંગે બહુ પ્રેમથી
ટટ્ટુનું ભીનું નાક રગડયું.
ટટ્ટુએ પણ ચાંગની આંગળીને નાક
ઘસીને હેત કર્યું
અને એક ધીમો હણહણાટ કર્યો.

ચાંગના મોઢા ઉપર એક
મોટું સ્મિત ફેલાયું.
"મને લાગે છે કે એ મને ચાહે
છે,“ એણે કહ્યું.

બિગ પીટે ચાંગને ટટ્ટુની
પીઠ પર બેસાડયો.

ચાંગને લાગ્યું કે એ
ખુશીથી મરી જશે.
"મારું પોતાનું ટટ્ટુ!" એણે બૂમ પાડી.
"હું એનું નામ પેન્ચ્યો રાખીશ!"
ચાંગ ઝૂક્યો અને
ટટ્ટુના કાનમાં એનું નામ ગણગણ્યો.

"હું તને પ્રેમ કરું છું, પેન્ચ્યો."
પેન્ચ્યોએ ધીમો હણહણાટ કર્યો,
જાણે એ ચાંગની વાત સમજી ગયો
હોય.

લેખકની નોંધ

ચીનમાં યુદ્ધ અને ક્રાંતિને કારણે 1850 અને 1864 ની વચ્ચે હજારો ચીની લોકો અમેરિકા આવ્યા. એમાંથી ઘણા લોકોએ "ગોલ્ડ માઉન્ટન" માં કમાણી કરી. એણે કેલિફોર્નિયાને એ નામ આપ્યું હતું. એમાંથી ઘણા ચીની લોકો સુતાર, ખેડૂત, ઈજનેર, શિક્ષક અને ડોક્ટર હતા. એમાંથી ઘણાએ પ્રથમ રેલના પાટા નાખવાનું કામ પણ કર્યું. કેમકે ચીની લોકોને અમેરિકામાં કોઈ કાયદાકીય અધિકાર પ્રાપ્ત ન હતા, એટલે ક્યારેક એની સાથે લોકોએ ક્રૂર વહેવાર પણ કર્યો.

બિગ પીટ જેવા અમેરિકી ખાણીયા મજૂર ઘણી વાર ભોંય પર સોનાની ધૂળ છોડી જતા હતા. ચીની સફાઈ કર્મચારી ઘણી વાર એને પોતાને માટે ભેગી કરતા હતા. આમ તો ચીની લોકોએ અમેરિકા અને વિશેષરૂપે કેલિફોર્નિયાના વિકાસમાં બહુ મોટું યોગદાન આપ્યું, પણ શરૂઆતના ચીની વસાહતીઓમાંથી બહુ ઓછા લોકો જ વધારે ધન કમાઈ શક્યા.